For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



રાવપુરા


આજવા-નિમેટા રોડ

વડોદરામાં વહેલી સવારે પડેલા ધોધમાર વરસાદે શહેરના જનજીવનને અસ્તવ્યસ્ત કરી દીધું. જેતલપુર અને સ્ટેશન-અલકાપુરી ગરનાળા, રાવપુરા, આજવા નિમેટા રોડ, ગેંડા સર્કલ, સુભાનપુરા લક્ષ્મીપુરા સહિત અનેક નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર બનતા વાહનવ્યવહાર ખોરવાઈ ગયો અને લાંબા ટ્રાફિકજામ સર્જાયા. શાળાઓમાં રજા જાહેર કરાઈ હતી, પરંતુ નોકરી-ધંધે જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. દર વર્ષે સર્જાતી જળભરાવની સમસ્યા ફરી સામે આવતાં સ્થાનિકોએ પ્રી-મોન્સૂન કામગીરી સામે સવાલો ઉઠાવ્યા અને વરસાદી પાણીના અસરકારક નિકાલ માટે તાત્કાલિક કાયમી ઉકેલ લાવવાની માંગ કરી. **(તસવીર : રણજીત સૂર્વે)**

## વડોદરા જિલ્લામાં મેઘરાજાની મન મૂકીને હેત વર્ષા, શહેરમાં સવારે 50 મી.મી. અને સાંજે 6 થી 8માં 33 મી.મી. વરસાદ નોંધાયો

# સવારે અને સાંજે 6થી 8માં વરસાદે શહેરને તરબોળ કર્યું

**વરસાદી** પાણીમાં ફસાયેલા વાહનચાલકનું ફાયર બ્રિગેડે કર્યું સફળ રેસ્ક્યુ, તંત્ર હાઈ એલર્ટ મોડ પર

**જિલ્લાનો** સરેરાશ વરસાદ ૪૧.૮૮ મિ.મી. નોંધાયો, સિઝનનો કુલ સરેરાશ વરસાદ ૩૮૪.૧૩ મિ.મી. પર પહોંચ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.31

સંસ્કારી નગરી વડોદરા શહેરમાં મોડી રાત્રે અચાનક ધોધમાર વરસાદ વરસતાં સમગ્ર શહેરમાં જળબંબાકાર જેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ છે. શહેરના અનેક નીચાણવાળા તેમજ અગત્યના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવાના કારણે રસ્તાઓ જળમગ્ન થઈ ગયા છે, જેના લીધે વાહનચાલકો અને સ્થાનિક રહીશોને ભારે હાલાકી અને મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે.

વરસાદી પાણીના ભારે ભરાવા વચ્ચે એક સ્થળે વાહન ફસાઈ જવાની ઘટના બની હતી. આ ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગના જવાનોએ ત્વરિત રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને વરસાદી પાણીમાં ફસાયેલા વાહનચાલકને સલામત રીતે બહાર કાઢ્યો હતો.

ભારે વરસાદ અને જળબંબાકારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સુરક્ષાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે. સ્થાનિક પ્રશાસન દ્વારા શહેરીજનોને સાવચેતી રાખવા અને બિનજરૂરી કે કામ વગર ઘરની બહાર ન નીકળવા કડક અપીલ કરવામાં આવી છે. હાલમાં કોઈ પણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે સમગ્ર તંત્ર હાઈ એલર્ટ મોડ પર જોવા મળી રહ્યું છે.

વડોદરા જિલ્લામાં મેઘરાજાએ મન મૂકીને હેત વરસાવ્યું છે, જેના પરિણામે તા. ૩૧મી જુલાઈ ૨૦૨૬ના રોજ જિલ્લાના તમામ આઠેય તાલુકાઓમાં સાર્વત્રિક અને નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. જિલ્લા કન્ટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત થયેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, આજે સવારના ૦૬:૦૦ વાગ્યાથી સાંજે ૧૮:૦૦ વાગ્યા સુધીના ૧૨ કલાકના સમયગાળા દરમિયાન જિલ્લાનો સરેરાશ વરસાદ ૪૧.૮૮ મિ.મી. જેટલો નોંધાયો છે, જેના લીધે સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને લાંબા સમયથી રાહ જોઈ રહેલા ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આજની આ વરસાદી હેલીમાં સિનોર તાલુકામાં મેઘરાજાએ સૌથી વધુ જોર દેખાડ્યું છે, જ્યાં ૧૨ કલાકના ટૂંકા સમયગાળામાં સૌથી વધુ 70 મિ.મી. એટલે કે અંદાજે ૨.૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. સિનોર ઉપરાંત ડભોઈ તાલુકામાં 84 મિ.મી. અને વડોદરા તાલુકામાં 83 મિ.મી. જેટલો સારો એવો વરસાદ નોંધાયો છે, જેને કારણે નીચાણવાળા કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયા હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. આ ઉપરાંત વાઘોડિયામાં 81 મિ.મી., ડેસરમાં 76 મિ.મી., પાદરામાં 44 મિ.મી., સાવલીમાં 58 મિ.મી. અને કરજણ તાલુકામાં 28 મિ.મી. વરસાદ નોંધાયો છે.

આ સાર્વત્રિક વરસાદને કારણે જિલ્લાનો સિઝનનો કુલ સરેરાશ વરસાદ વધીને હવે 407.75મિ.મી. સુધી પહોંચી ગયો છે. સિઝનના અત્યાર સુધીના કુલ વરસાદ પર નજર કરીએ તો સિનોર તાલુકો 552 મિ.મી. સાથે મોખરે ચાલી રહ્યો છે, જ્યારે પાદરામાં 459 મિ.મી., વડોદરામાં 499 મિ.મી. અને ડભોઈમાં 461 મિ.મી. મોસમી વરસાદ નોંધાઈ ચૂક્યો છે. સતત વરસી રહેલા આ પાણીથી જળાશયો અને નદીઓમાં નવા નીર આવવાની શરૂઆત થઈ છે, જે આગામી ખરીફ પાક માટે ખૂબ જ ગુણકારી અને આશીર્વાદરૂપ સાબિત થશે તેમ કૃષિ નિષ્ણાતો માની રહ્યા છે.

## ભારે વરસાદની આગાહીને પગલે કલેક્ટરનો આદેશ આજે પણ તમામ શાળા-કોલેજો બંધ રહેશે

ભારતીય હવામાન વિભાગની ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023ની કલમ-163 હેઠળ જાહેરનામું બહાર પાડ્યું છે. તેના મુજબ તા. 1 ઓગસ્ટે જિલ્લામાં આવેલી તમામ આંગણવાડીઓ, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આઈટીઆઈ અને કોલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. જાહેરનામાના ઉલ્લંઘન બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમ-223 હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. આ માટે હેડ કોન્સ્ટેબલથી ઉપરના અધિકારીઓને ફરિયાદ નોંધાવવાની સત્તા આપવામાં આવી છે. જિલ્લા તંત્રએ નાગરિકોને ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી બહાર ન નીકળવા, નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળવા અને માત્ર સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે.

## સન ફાર્મા રોડ પર વિશાળ ભુવામાં ઈનોવા કાર ખાબકી



વડોદરાના સન ફાર્મા રોડ પર વરસાદ બાદ રસ્તા વચ્ચે પડેલા ભુવામાં ઇનોવા કાર ખાબકી હતી. ઘટનામાં જાનહાનિ ટળી હતી, પરંતુ કારને નુકસાન થયું. સ્થાનિકોએ મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી સામે રોષ વ્યક્ત કરી રસ્તાઓનું તાત્કાલિક સમારકામ કરવાની માંગ કરી છે.

## ફાયર બ્રિગેડની ૧૮ રેસ્ક્યૂ બોટ સાથે QRT ટીમો તૈનાત



ભારે વરસાદની આગાહાને પગલે વડોદરા ફાયર બ્રિગેડ હાઈ એલર્ટ પર મુકાયું છે. શહેરભરમાં QRT ટીમો અને 18થી વધુ રેસ્ક્યૂ બોટ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. વૃક્ષો પડવા અને પાણી ભરાવાની ઘટનાઓમાં ફાયર ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરી છે.

## પ્રિમોન્સુન કામગીરી નહીં કરાતા શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા


ગેંડા સર્કલ


લક્ષ્મીપુરા


જેતલપુર ગરનાળું


અલકાપુરી કોન્કર્ડ બિલ્ડીંગ


વરસાદ રોકાયા પછી સફાઈ

## કારેલીબાગ વુડા સર્કલનો માર્ગ વરસાદમાં તળાવ સમાન, ૫ હજારથી વધુ લોકો પરેશાન



કારેલીબાગ વુડા સર્કલ પાસેની અનેક સોસાયટીઓના 5 હજારથી વધુ રહેવાસીઓ વરસાદમાં રસ્તા પર દોઢથી બે ફૂટ પાણી ભરાતા ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ગટર અને વરસાદી ડ્રેનેજના અભાવે પાણીનો નિકાલ થતો નથી. વારંવાર રજૂઆત છતાં કામગીરી ન થતાં રહેવાસીઓએ તાત્કાલિક વરસાદી ગટર બનાવવાની માંગ ઉઠાવી છે.

## વરસાદ બાદ વડોદરાના નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર, લોકોને હાલાકી



વડોદરામાં વરસાદ બાદ પરશુરામ ભઠ્ઠા, સયાજીગંજ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત થયું છે. વરસાદ બંધ થયા બાદ પણ પાણી ન ઓસરતાં વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલી પડી રહી છે. વર્ષોથી યથાવત સમસ્યાને લઈને સ્થાનિકોએ તંત્ર સામે રોષ વ્યક્ત કરી તાત્કાલિક પાણી નિકાલની માંગ કરી છે.

## ફતેપુરામાં જર્જરિત ઈમારતનો ભાગ ધરાશાયી, વાહનોને નુકસાન; જાનહાનિ ટળી



ફતેપુરા યાકુતપુરા મેઈન રોડ પર આવેલી જનતા લારી સેન્ટરની જર્જરિત ઈમારતનો બહારનો ભાગ અચાનક ધરાશાયી થતાં રોડ પર કાટમાળ ફેલાયો હતો. ઘટનામાં એક રિક્ષા અને ટુ-વ્હીલરને નુકસાન થયું, જોકે જાનહાનિ ટળી હતી. ફાયર બ્રિગેડ, પોલીસ અને એમજીવીસીએલની ટીમે સ્થળે પહોંચી સુરક્ષા કાર્યવાહી હાથ ધરી હતી.

### ગંજખાના પોલીસ ચોકી પાસે ગટરનું પાણી ફુવારાની જેમ બહાર આવ્યું

## પાણીગેટ શાક માર્કેટમાં ડ્રેનેજ ઉભરાઈ, રસ્તા પર ગંદા પાણીનો ભરાવો

**વેપારીઓના** ધંધા પર અસર, સ્થાનિકોએ તાત્કાલિક કાયમી ઉકેલની માંગ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરાના વ્યસ્ત પાણીગેટ શાક માર્કેટ વિસ્તારમાં ડ્રેનેજ વ્યવસ્થા ખોરવાતાં ગંભીર સમસ્યા સર્જાઈ છે. માર્કેટ નજીક આવેલી ગંજખાના પોલીસ ચોકી પાસે ગટરની મુખ્ય લાઈન બેક મારતા ગંદુ પાણી ફુવારાની જેમ રસ્તા પર ઉભરાઈ આવ્યું હતું. જોતજોતામાં દુર્ગંધયુક્ત પાણી મુખ્ય માર્ગો પર ફરી વળતાં સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ



ગઈ હતી.

મુખ્ય માર્ગ પર ગંદા પાણીનો ભરાવો થતાં વાહનચાલકો, રાહદારીઓ અને ખરીદી કરવા આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના સૌથી વ્યસ્ત શાક માર્કેટ પૈકીના એક વિસ્તારમાં રોજ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવાથી પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. ગંદા પાણીમાંથી પસાર થવાની ફરજ પડતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સાથે જ આસપાસના વેપારીઓના ધંધા-રોજગાર પર પણ તેની માઠી અસર પડી રહી છે.

સ્થાનિક રહીશો અને વેપારીઓએ જણાવ્યું હતું કે ડ્રેનેજ લાઈન વારંવાર ઉભરાતાં રોગચાળો ફેલાવાનો ભય ઉભો થયો છે. તેમના મતે ચોમાસા પૂર્વે ડ્રેનેજ અને સફાઈની યોગ્ય કામગીરી ન થતાં આ સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિકોએ મહાનગરપાલિકા પાસે તાત્કાલિક ડ્રેનેજ લાઈનની મરામત કરી ગંદા પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે.

## મકરપુરામાં પાણીમાં ફસાયેલી કારમાંથી દંપતીનું રેસ્ક્યુ



(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરામાં મોડી રાત્રે પડેલા ધોધમાર વરસાદ બાદ શહેરના અનેક નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. મકરપુરા મેઈન રોડ પર દોઢથી બે ફૂટ પાણી ભરાતા પસાર થઈ રહેલી કાર અચાનક બંધ પડી ગઈ હતી. કારનું લોક ન ખુલતાં અંદર સવાર દંપતી ફસાઈ ગયું હતું. જાણ થતાં જ મકરપુરા જીઆઈડીસી ફાયર બ્રિગેડની ટીમ સ્થળે પહોંચી હતી. સદનસીબે કારનું લોક ખુલી જતાં જવાનો અને સ્થાનિકોની મદદથી ટ્રેક્ટર વડે કારને સુરક્ષિત બહાર કાઢવામાં આવી હતી.

બીજી તરફ કારેલીબાગની મેન્ટલ હોસ્પિટલ સામે ભારે વરસાદ અને પવનના કારણે વિશાળ વૃક્ષ ધરાશાયી થયું હતું. ફાયર બ્રિગેડે તાત્કાલિક સ્થળે પહોંચી વૃક્ષ હટાવી વાહનવ્યવહાર પુનઃ શરૂ કરાવ્યો હતો. બંને બનાવોમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. વરસાદી સ્થિતિને પગલે તંત્ર હાઈ એલર્ટ પર છે અને નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

### વિશ્વામિત્રી અને આજવાના જળસ્તર પર સતત નજર

## રેડ એલર્ટ વચ્ચે વડોદરા તંત્ર હાઈ એલર્ટ પર, ૨૪ કલાક મોનિટરિંગ શરૂ

**12 હજાર** કર્મચારીઓ ફિલ્ડમાં, NDRF-SDRF સ્ટેન્ડબાય; નાગરિકોને સાવચેતી રાખવા અપીલ

(પ્રતિનિધિ) વડોદરા તા.31

હવામાન વિભાગની ભારે વરસાદની 'રેડ એલર્ટ' આગાહીને પગલે વડોદરા મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ સતર્ક બન્યું છે. દાંડિયા બજાર સ્થિત ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરથી મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ અધિકારીઓ સાથે શહેરની વરસાદી સ્થિતિ અને ડ્રેનેજ વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. શહેરભરના સીસીટીવી



કેમેરા, સ્માર્ટ સર્વેલન્સ અને ફિલ્ડ ટીમો દ્વારા 24 કલાક સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

કમિશનરે જણાવ્યું હતું કે કાલાઘોડા ખાતે વિશ્વામિત્રી નદીનું જળસ્તર 7 ફૂટ અને આજવા તળાવનું સ્તર 208 ફૂટ નોંધાયું છે, જે સુરક્ષિત મર્યાદામાં છે. ઉપરવાસમાં વરસાદને કારણે પાણીનો સંગ્રહ કરવામાં આવી રહ્યો છે. શહેરમાં પડેલા વરસાદ બાદ મોટાભાગના વિસ્તારોમાં પાણીનો ઝડપી નિકાલ થયો છે, જ્યારે ભાયલી સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પમ્પિંગ મશીનો દ્વારા પાણી કાઢવાની કામગીરી ચાલી રહી છે.

કટોકટીની સ્થિતિને પહોંચી વળવા 200થી વધુ શાળાઓ અને શેલ્ટર હોમ્સ તૈયાર રાખવામાં આવ્યા છે. NDRF અને SDRFની ટીમો સ્ટેન્ડબાય પર છે. સોલિડ વેસ્ટ, ડ્રેનેજ, વોટર વર્ક્સ સહિત આશરે 12 હજાર કર્મચારીઓ ફિલ્ડમાં તૈનાત છે અને તમામની રજાઓ રદ કરવામાં આવી છે. ફાયર બ્રિગેડ ડેશકેમ મારફતે લાઈવ માહિતી મેળવી તાત્કાલિક કામગીરી કરી રહી છે.